**ડાયરેક્ટ ❤ સે**

માટલું પણ
જોયા કરે છે આજકાલ
કેટલા
સહેલાઈથી
ફૂટી જાય છે માણસો !

## જન્મદિને વધામણી



કશ્વી સંદિપકુમાર જોષી
મો. ૯૪૨૬૫ ૦૪૫૫૨



પ્રકાશભાઈ કુમુદચંદ્ર ઠાકર
મો. ૯૪૨૭૦ ૨૮૧૮૮



નીના ગણેશન
આસી. પ્રોફેસર, અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજ

# કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ઉપમી સર્વ નેતૃત્વ નિવાસી તાલીમ શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૨૩

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા તાઃ ૧૫ થી ૧૯ માર્ચ, ૨૦૧૮ દરમિયાન પાંચ દિવસીય ''ઉપમી સર્વ નેતૃત્વ'' નિવાસી તાલીમ શીબીરનું આયોજન સર્વ વિદ્યાલય, કડી કેમ્પસ ખાતે કરવામાં આવ્યું, જેમાં સર્વ વિદ્યાલયની ૧૬ વિવિધ કોલેજોમાંથી ૬૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

પાંચ દિવસીય કેમ્પમાં માસ્ટર ટ્રેનર તરીકે દીપકભાઈ તેરૈયા અને ઉમાબહેન તેરૈયા ઉપસ્તિત રહી વિવિધ પ્રવૃત્તિઓ જેમ કે ગેમ્સ, શોર્ટ ફિલ્મ્સ, ગ્રુપ વર્ક અને સ્ટ્રક્ચરલ પ્રશ્નાવલી દ્વારા નેતૃત્વના વિવીધ પાસાઓને સાંકળી લેતા વિષયોની તાલીમ આપી હતી. તેમેને તાલીમાર્થીઓને અત્મનીરીક્ષણ કરી સ્વમૂલ્યાંકન દ્વારા પોતાની શક્તિને ઓળખી તેનો યોગ્ય ઉપયોગ કરતા શીખવ્યું, જીવનમાં માંબાપનું મહત્વ અને યોગદાનની વાત કરી, સામાજિક પ્રશ્નોથી વાકેફ કરી તેના નિરાકરણ માટેનું માર્ગદર્શન આપ્યું, ''વસુધૈવ કુટુમ્બકમ''નો ભાવ જગાડવા કોમવાદ, જ્ઞાતિવાદ થી ઉપર ઉઠી માનવ બનવા આહવાન કર્યું અને છેલ્લે જીવનમાં સફળ થવા પોતાના પવિત્ર હૃદયને સાંભળી પુરુષાર્થ દ્વારા આગળ વધવા શીખ આપી. છેલ્લે કુત્રિમ રીતે હવનનો માહોલ બનાવી દરેક વિદ્યાર્થી પાસેથી ખરાબ આદતોની આહુતિ અપાવી હતી. તાલીમ દરમિયાન ગેસ્ટ સ્પીકર તરીકે નીષ્ટાબેન ઠાકર અને જાણીતા મોટીવેશન ટ્રેનર અને યોગાચાર્ય જે. સી. પટેલે ઉપસ્થીત રહી પોતાના જીવન સંગર્ષની સાથે સાથે શિક્ષણ, સ્વાસ્થ, સંસ્કાર અને દેશપ્રેમની વાત કરી વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી. જ્યારે ડો. કપિલ ત્રિવેદી દ્વારા શરીર અને મનને સ્વચ્છ અને સ્વસ્થ રાખવા જીવનમાં યોગ, ધ્યાન અને કસરતનું મહત્વ સમજાવ્યું હતું. પૂર્વ તાલીમાર્થી રાહુલ સુખડીયા, તન્મય પટેલ, ગુંજન પનારા, તાહેર ત્રવાડી અને તાહેર તીનાવાલા દ્વારા કરવામાં આવતા સમાજ ઉત્થાનના પ્રોજેક્ટ્સની વિસ્તૃત માહિતી આપી હતી. તાલીમના છેલ્લા દિવસે વિદ્યાર્થીઓને ગાંધી આશ્રમની મુલાકાત કરાવી હતી.નિવાસી શિબિરના અંતે સમાપન સમારંભમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રીશ્રી ડો. મણીભાઈ પટેલ ઉપસ્થિત રહી સંસ્થાની વિસ્તૃત માહિતી સાથે પૂજ્ય છગનભા અને માણેકલાલ સાહેબના યોગદાનની વાત કરી વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી. સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન સર્વ નેતૃત્વ કાર્યક્રમના કો-ઓર્ડીનેટર ડો. ધર્મેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. પૂર્વ તાલીમાર્થી કૌશિક કલાલ, મિત કોયાણી, જય ચૌહાણ,લવીષા અને આશિષ સોલંકી દ્વારા કાર્યક્રમને સફળ બનાવવ પ્રશંસનીય કામગીરી કરવામાં આવી હતી.

# પી. જી. મેડિકલમાં પ્રવેશ માટે નીટ પાસ કરનારાઓમાં ફ્રેશ કરતાં રિપીટર વધુ

## ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હાલ સ્ક્રૂટીની ચાલુ આગામી તા.૨૮મીથી મોક રાઉન્ડ શરૂ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૩

પી. જી. મેડિકલમાં પ્રવેશ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હાલ સ્ક્રૂટીની ચાલુ છે. આગામી તા.૨૮મીથી મોક રાઉન્ડ શરૂ કરવામાં આવશે. ચાલુ વર્ષે નીટમાં ગુજરાતમાંથી કુલ ૫૦૩૯ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જે પૈકી ૨૯૦૦ જેટલા વિદ્યાર્થીઓએ બીજી વખત નીટ આપી છે. જયારે અંદાજે ૨ હજાર વિદ્યાર્થીઓ એવા છે કે જેઓએ પ્રથમ વખત નીટ આપી છે. આમ, આ વખતે બેઠકોની સામે વિદ્યાર્થીઓની સંખ્યા વધારે હોવાના કારણે તમામ પી.જી.મેડિકલની તમામ બેઠકો ભરાઈ જાય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

પી.જી.મેડિકલમાં પ્રવેશ માટે નીટના આધારે પ્રવેશ ફરજિયાત થયા બાદ ગત વર્ષે પહેલી વખત પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં નોન ક્લિનિકલ બ્રાન્ચની અંદાજે ૨૫૦ બેઠક ખાલી પડી હતી. સૂત્રો કહે છે ગતવર્ષે પહેલી વખત નીટ આપનારા અનેક વિદ્યાર્થીઓને ઈચ્છીત સ્કોર ન આવવાના કારણે બીજી વખત નીટ આપવાનું નક્કી કર્યુ હતું. જેથી આ વખતે પ્રથમ વખત નીટ આપનારા કરતાં બીજી વખત નીટ આપનારા વિદ્યાર્થીઓની સંખ્યા વધુ છે. ગતવર્ષે ૧૮૦૦ ફોર્મ ભરાયા હતા. જેની સામે આ વખતે ૩ હજાર જેટલા ફોર્મ ભરાયા છે. પ્રવેશ સમિતિએ ભરવાની થાય તેવી એમ.ડી. સિવાયની પી.જી.બેઠકોની સંખ્યા અંદાજે ૧૨૫૦ છે. જેની સામે ૨૫૦૦થી વધારે વિદ્યાર્થીઓ પ્રવેશ માટે કતારમાં છે.

# પ્રેરણા વિદ્યાલય દ્વારા વિધાનસભાની મુલાકાત



ગાંધીનગર, તા. ૨૩

સેક્ટર-૫ એ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલયના ૧૪૦ જેટલા વિદ્યાર્થીઓએ વિધાનસભા ગૃહની મુલાકાત તાજેતરમાં લીધી હતી. અભ્યાસક્રમમાં આવતા એકમ અંતર્ગત વિદ્યાર્થીઓને વાસ્તવિક જ્ઞાન મળી રહે તે હેતુથી આ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ સાથે શિક્ષકગણ પણ મુલાકાતમાં જોડાયો હતો. વિધાનસભા ગૃહમાં થતી કાર્યવાહી ઉપરાંત સત્તાપક્ષ અને વિરોધપક્ષની બેઠક વ્યવસ્થા તેમજ અધ્યક્ષીય કાર્યવાહનું પણ વિદ્યાર્થીઓએ બારીકાઈથી નિરીક્ષણ કર્યુ હતું તેમજ ધારાસભ્યો દ્વારા પૂછાતા પ્રશ્નો અને ગૃહની કાર્યવાહી અંગે પણ વિગતે માહિતી પ્રાપ્ત કરી હતી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ વિધાનસભાના મકાનમાં રાખવામાં આવેલી મહાત્મા ગાંધી, સરદાર પટેલ તથા અન્ય વિભૂતિઓની પ્રતિમાઓ અને પ્રદર્શન પણ નિહાળ્યું હતું.

# હરે કૃષ્ણ મંદિર ભાડજ ખાતે રવિવારે શ્રી રામનવમી મહોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૩

'શ્રી રામનવમી' એ ભગવાન શ્રીરામનો અયોધ્યાના રાજા દશરથ અને તેમના પત્ની કૌશલ્યાના ત્યાં થયેલ દિવ્ય અવતરણની યાદ અપાવે છે. તેમના દિવ્ય ગુણો અને કરેલ લીલાઓનું વર્ણન મહાન કવિ વાલ્મિકી દ્વારા રામાયણમાં કરવામાં આવ્યુ છે. રામનવમીના પવિત્ર દિવસે ભક્તો રામનવમી વ્રત રાખે છે અને ભગવાનની કૃપા મેળવવાનો પ્રયાસ કરે છે.

સર્વ શકિતમાન ભગવાન શ્રીકૃષ્ણએ ચૈત્ર માસમાં, પૂર્ણ રીતે ખીલતા ચંદ્રના નવમાં દિવસે (ચૈત્ર માસ શુકલ પક્ષ નવમી તિથિ) ભગવાન શ્રીરામ રૂપે અવતાર લીધેલ હતો.

સર્વશકિતમાન ભગવાન અયોધ્યાના રાજા દશરથના પુત્રરૂપે અવતર્યા હતા. ઈક્ષવાકુ મહારાજાના વંશના(રઘુવંશ તરીકે પ્રચલિત વંશના) રાજા દશરથ હતા. દશરથ રાજાને ત્રણ રાણીઓ હતી – કૌશલ્યા, કૈકઈ અને સુમિત્રા છતાં તેમને એક પણ સંતાન નહોતું. મહર્શી વશિષ્ઠના પરામશને અનુસરીને તેમણે પુત્ર કામેષ્ઠી યજ્ઞ કર્યો હતો જેના ફળસ્વરૂપ તેમની ત્રણેય રાણીઓને પુત્ર પ્રાપ્તિ થઈ હતી. રાણી કૌશલ્યાએ ભગવાન શ્રીરામને જન્મ આપ્યો અને રાણી કૈકઈએ ભરતને જન્મ આપ્યો હતો. રાણી સુમિત્રાએ જોડયા બાળકોને જન્મ આપ્યો જેમનું નામ લક્ષ્મણ અને શત્રુઘ્ન હતું. મહાનઋષિ વાલ્મિકીએ તેમના રામાયણ નામક પુસ્તકમાં ભગવાન શ્રીરામના જીવન અને લીલાઓ (પ્રવૃતિઓ) વિશે વિસ્તારથી જણાવ્યું છે. આ રામાયણને સંક્ષિપ્તરૂપે શુકદેવ ગોસ્વામી દ્વારા પરિક્ષિત મહારાજને શ્રીમદ્ ભાગવતમ્ ના નવમાં ખંડમાં કહેવામાં આવી છે.

હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે સાંજના ૬.૦૦ વાગ્યાથી ઉત્સવની શરૂઆત થશે. શ્રીરામનવમી ઉત્સવ એ હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે ઉજવાતા ઉત્સવમાંનો એક મુખ્ય ઉત્સવ છે. ભકતો આખા દિવસ દરમ્યાન ઉપવાસ રાખે છે અને તેમના પવિત્ર નામનું રટણ અથવા તો રામાયણ સાંભળીને ભગવાન શ્રીરામનું સ્મરણ કરે છે. ભકતો સંધ્યાકાળે ઉપવાસનુ વ્રત પુરું કરે છે. આ ઉત્સવ દરમ્યાન હરે કૃષ્ણ મંદિર, ભાડજમાં ભગવાન શ્રી શ્રી રાધા માધવના શ્રીવિગ્રહોને ખાસ અંલકારથી શણગારવામાં આવશે. ઉત્સવના વિશેષ ભાગરૂપે મંદિરમાં અતિસુંદર પુષ્પોથી સુશોભિત ભવ્ય રામ દરબારનું નિર્માણ કરવામાં આવશે.

સર્વોપરી શ્રી શ્રી રાધા માધવને ભવ્ય પાલકીમાં મંદિર પરિસરમાં વિહાર કરાવવામાં આવશે જયારે ભકતો ભગવાન શ્રીરામના પવિત્ર નામનું ગાન કરતા સંકિર્તન ગાઈને જોડાશે. ત્યાર બાદ ભક્તો ''શ્રી રામ અષ્ટોત્તર શત્ નામ'' નો મંત્રઘોષ કરતા ''શ્રી રામ તારક યજ્ઞ'' કરશે. યજ્ઞ પછી, મહામંગલા આરતી ઉતારવામાં આવશે. ''શ્રી નામ રામાયણ'' જેમાં સંપૂર્ણ રામાયણને ગીતરૂપે નિરૂપાવામાં આવી છે તેનું ભક્તો ગાન કરશે.

હરે કૃષ્ણ મંદિર, ભાડજ આપ સૌને તા. ૨૫ માર્ચ,૨૦૧૭ ના રોજ ઉજવાઈ રહેલ શ્રી રામનવમી ઉત્સવમાં ભાગ લેવા માટે સૌ ભક્તોને મંદિર દ્વારા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# લીવ ફોર ધ નેશનના મંત્રને સાકાર કરવો એ આજની નિતાંત આવશ્યકતા : મુખ્યમંત્રી




## શહીદદિનની પૂર્વ સંધ્યાએ વીર શહીદોને વિરાંજલી અર્પવા રીવરફ્રન્ટ ખાતે કાર્યક્રમ યોજાયો : શહીદવીરો સર્વશ્રી સ્વ. ઋષિકેશ રામાણી, સ્વ.ગોપાલસિંહ ભદોરીયા, સ્વ.દિનેશ બોરસે, સ્વ.કેપ્ટન નિલેશ સોનીના પરિવારજનોનું જાહેર સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૨૩

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે, ભારત માતા કી જય એ નારો નથી પરંતુ ભારત વિરોધી શક્તિઓને પડકાર છે. શહીદદિનની પૂર્વ સંધ્યાએ વીર શહીદોને વિરાંજલી અર્પવા રીવરફ્રન્ટ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં તેમણે કહ્યું કે, દેશને છિન્ન-ભિન્ન કરનાર તત્વો તથા આતંકવાદ સામે એક રાષ્ટ્ર તરીકે અડીખમ રહેવાની પ્રેરણા શહીદવીરોના જીવનમાંથી લેવાની આજે આવશ્યકતા છે.

ભારત માતા કી જય નારા દ્વારા આપણે ભ્રષ્ટાચાર, બેકારી જાતિ-જ્ઞાતિના ભેદભાવ સામે પડકાર ફેંકીએ છીએ તેમ જણાવી તેમણે વિધ્વંશક પ્રવૃતિઓ કરનાર સામે એક રાષ્ટ્ર તરીકે એક જૂથ થવા હાંકલ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, પહેલાં ડાય ફોર ધ નેશન સુત્ર હતું પરંતુ હવે લીવ ફોર ધ નેશનના મંત્રને સાકાર કરવો એ આજની નિતાંત આવશ્યકતા છે.

તેમણે જણાવ્યું કે, આપણી પ્રત્યેક ક્ષણે દેશવાસીઓની ચિંતા થાય તથા દેશ પરમ વૈભવના શિખરે પહોંચે તે માટે કટિબધ્ધ થવું જરૂરી છે. મુખ્યમંત્રીશ્રીએ શહીદ ભગતસિંહ, વીર સાવરકર તથા શ્યામજી કૃષ્ણ વર્માના જીવન પ્રસંગો વર્ણવી તેમાંથી શીખ લેવા તથા તેમની શહીદી એળે ન જાય તે માટે તેમાંથી સતત પ્રેરણા લેવા યુવાનોને અનુરોધ કર્યો હતો. તેમણે નેશન ફર્સ્ટના ભાવ સાથે હમ રહે ન રહે, તેરા વૈભવ અમર રહે તે રીતે મા ભારતીના સરને સદા ઉન્નત રાખવા સંકલ્પબધ્ધ થવા જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ શહીદવીરો સર્વશ્રી સ્વ. ઋષિકેશ રામાણી, સ્વ.ગોપાલસિંહ ભદોરીયા, સ્વ.દિનેશ બોરસે, સ્વ.કેપ્ટન નિલેશ સોનીના પરિવારજનોનું જાહેર સન્માન કર્યું હતું.

ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે, ભારતની મહામૂલી આઝાદીના રક્ષણ કાજે અનેક શહીદોએ પોતાના પ્રાણોનું બલિદાન આપ્યું હતું. તેમાંથી પ્રેરણા લેવા તેમણે યુવાનોને જણાવ્યું હતું . ગુજરાત પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડો. ઋત્વિજ પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

આ અવસરે નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, મહેસુલ મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલ, કાયદા રાજ્ય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા, ધારાસભ્ય સર્વશ્રી જગદીશભાઈ પંચાલ, હર્ષભાઈ સંઘવી, મેયરશ્રી ગૌતમભાઈ શાહ, ભાજપાના અગ્રણી શ્રી આઈ.કે.જાડેજા, શહીદોના પરિવારજનો તથા નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

# અમેરિકા એચ-૧બી વિઝા માટે અરજીઓ બીજીથી સ્વીકારાશે

ગાંધીનગર, તા. ૨૩

અમેરિકા દ્વારા ૨૦૧૯ માટે એચ-૧બી વિઝા અંતર્ગત અરજી સ્વીકારવાનું બીજી એપ્રિલથી શરૂ કરશે. અમેરિકાએ આ સાથે જ પ્રીમિયમ પ્રોસેસિંગ પ્રક્રિયા સ્થગિત કરી દીધી છે. ભારતીય આઈટી પ્રોફેશનલ્સમાં લોકપ્રિય એવા એચ-૧બી વિઝા માટે બીજી એપ્રિલથી અરજી સ્વીકારાશે. અમેરિકન સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીઝ દ્વારા જાહેરાત કરાઈ છે કે ૧ ઓક્ટોબર, ૨૦૧૮થી શરૂ થનારા અમેરિકન નાણાકીય વર્ષ ૨૦૧૯ માટે આ અરજી સ્વીકારાશે. એચ-૧બી વિઝા માટે વાર્ષિક ૬૫,૦૦૦ની મહત્તમ મર્યાદા છે. મતલબ કે કોઈપણ વર્ષમાં મહત્તમ આટલા લોકોને જ આ વિઝા મળી શકે છે. અમેરિકન યુનિવર્સિટીમાં ઉચ્ચ શિક્ષણ મેળવ્યું હોય કે અમેરિકન રિસર્ચ સંસ્થા સાથે કામ કર્યુ હોય તેમને આ મર્યાદા ઉપરાંત તક મળે છે. બીજી તરફ તમામ એચ-૧બી અરજી માટે પ્રીમિયમ પ્રોસેસિંગ ૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૮ સુધી સ્થગિત કરી દેવાઈ છે. યુએસસીઆઈએસે કહ્યું હતું કે અરજદાર એચ-૧બી માટેની અરજી ઝડપથી પૂરી કરવા માટે રિક્વેસ્ટ આપી શકે છે.

### ગાંધીનગર જિલ્લાના જમીયતપુરા ખાતે રૂ. ૨૦ લાખના ખર્ચે તૈયાર થયેલ

# સરકારી આયુર્વેદ દવાખાનાના નવીન મકાનનું લોકાર્પણ




ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતમાં આયુર્વેદ ચિકિત્સાનો વ્યાપ વધતો જાય છે ત્યારે ગુજરાતમાં ૫૪૫ જેટલા આયુર્વેદ દવાખાનાઓમાં ૫૭૫ જેટલાં મેડીકલ ઓફીસરો સેવાઓ બજાવે છે તેમ આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજયમંત્રીશ્રી કિશોર કાનાણીએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લાના જમીયતપુરા ગામે રૂ. ૨૦ લાખના ખર્ચે તૈયાર થયેલ સરકારી આયુર્વેદ દવાખાનાના નવીન મકાનનું લોકાર્પણ અને ગુજરાતમાં સૌ પ્રથમ આયુર્વેદીય જીવનશૈલી માર્ગદર્શન કેન્દનું ઉદઘાટન કર્યા બાદ આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજયમંત્રીશ્રી કિશોર કાનાણીએ જણાવ્યું હતુ કે ગાંધીનગર જિલ્લામાં ૧૭ જેટલા આયુર્વેદ દવાખાનાઓ કાર્યરત છે. આર્યુવેદ એ વિશ્વનું સૌથી પ્રાચીન ચિકિત્સા શાસ્ત્ર છે. અગ્નિકર્મ અને જાલંધર બંધ જેવી પધ્ધતિઓ ખૂબ જ સરળ, અકસીર અને તાત્કાલીક લાભકારક પુરવાર થઈ છે.

જમીયતપુરા ખાતે મેગા નિઃશુલ્ક આર્યુવેદ અને હોમીયોપેથી નિદાન સારવાર કેમ્પની મંત્રીશ્રી કિશોર કાનાણી અને ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોરે મુલાકાત લઇ દર્દીઓને આપવામાં આવનાર વિવિધ સારવાર પધ્ધતિ નિહાળી હતી. આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી સતિષ પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી દેવાંગ દેસાઈ, આર્યુવેદ નિયામકશ્રી દિનેશચંદ પંડયાએ આ નિઃશુલ્ક આર્યુવેદ મેગા કેમ્પમાં અગ્નિકર્મ, જાલંધર બંધથી હાલતા દાંત પાડવા, મધુમેહ (ડાયાબીટીસ), મેદસ્વીપણુ, વંધ્યત્વ નિવારણ વગેરે સારવાર માટે તજજ્ઞ વૈદ્ય દ્વારા અપાતી સારવાર નિહાળી વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લા આર્યુવેદ અધિકારીશ્રી ભાવનાબેન પટેલે જણાવ્યું હતુ કે ગાંધીનગર સે.૭ના આર્યુવેદ દવાખાનામાં દર ગુરૂવારે વંધત્વ નિવારણ સારવાર આપવામાં આવે છે. છેલ્લા દોઢ વર્ષમાં ૧૩૦ જેટલા દર્દીઓને લાભ આપી ૪૦ દંપતીઓને આ સારવારમાં સફળતા મળી છે. દર બુધવારે ઓબેસીટી માટે સે – ૭ ખાતે અને દર ગુરૂવારે સીવીલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે ડાયાબીટીશ માટે ખાસ તબીબી સારવાર આપવામાં આવે છે.